# શહેરનું ઘ-૫ સર્કલ સીસીટીવી કેમેરાથી સજ્જ

## ઘ-૫ સર્કલ ફરતા ચાર હાઈ રીઝોલ્યુશન કેમેરાથી તમામ ગતિવિધિ જોઈ શકાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરને વધુ ને વધુ સુરક્ષીત બનાવવા માટે પોલીસતંત્ર દ્વારા શહેરના જાહેર માર્ગો પર ચાલતી ગતિવિધિ પર નજર રાખવા માટે ઠેર ઠેર સી.સી. ટીવી કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજે ઘ-૫ સર્કલ ઉપર ચાર હાઈ રીઝોલ્યુશન સી.સી. ટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં સુરક્ષાને લઈ કરવામાં આવતી કામગીરીના સંદર્ભે ગાંધીનગર પોલીસતંત્ર દ્વારા આજે શહેરના મધ્યમાં આવેલ ઘ-માર્ગ પર ઘ-૫ સર્કલ ફરતા ચાર હાઈ રિઝોલ્યુશન ધરાવતા સી.સી. ટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જેથી પોલીસ અને ટ્રાફિક પોલીસને કામગીરીમાં સરળતા રહેશે. આ ઉપરાંત શહેરના ઘ-૭, ક-૭ અને સરગાસણ ચોકડી પાસે પણ આગામી સમયમાં પીટીઝેટ સિસ્ટમ ધરાવતા સી.સી. ટીવી કેમેરા મુકવામાં આવશે. જેથી રાત્રી દરમિયાન પણ માર્ગો પર પુરપાટ ઝડપે દોડતા વાહનો દૂરથી દેખાશે અને તેની માહિતી પણ મળી શકશે તેવું આયોજન કરાયું છે.





રોજ બરોજની ચાલતી ગતિવિધિ પર નજર રાખવા અને શહેરને સુરક્ષીત બનાવવાના હેતુસર શહેરના મુખ્ય માર્ગો પૈકીના જાહેર સ્થળો પર સી.સી.ટીવી કેમેરાઓ લગાડવામાં આવ્યા છે. માર્ગ સલામતી અને

# શહેરમાં રોડ રોમિયો બિન્દાસ્ત બનતા બે દિવસમાં છેડતીના ૩ બનાવો!

## જગજાહેર યુવતીઓની છેડતી થતા ભયની લાગણી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં પણ બીજા મોટા શહેરો જેવા જાહેરમાં છેડતી કરવાના બનાવો પણ બનવા લાગ્યા છે. અસામાજિક તત્વોને જાણે કે પોલીસનો કોઈ ડર જ ન હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. ગાંધીનગર શહેરમાં બે જ દિવસમાં ૩ જેટલા જાહેરમાં છેડતીના બનાવો બનવા પામ્યા છે જેથી હવે મહિલાઓમાં ભયની લાગણી ફેલાઈ છે તો બીજી તરફ સમાજના રક્ષક સમા પોલીસ તંત્રની સામે પણ આ મામલે નાગરિકોએ રોષ પ્રગટ કર્યો છે.

ગાંધીનગર શહેરમાં પણ હવે જાહેરમાં છેડતીના બનાવો બનવા લાગ્યા છે. શહેરમાં છેલ્લા બે દિવસમાં સે-૨૧ પોલીસ મથકની હદમાં ૧ અને સે-૭ પોલીસ મથકની હદમાં ૨ જાહેરમાં છેડતીના બનાવો બન્યા હતા. ગત રોજ સવારે સે-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં નોકરીએ ચાલતી જતી એક મહિલાની બાઈક પર આવેલ શખ્સે છેડતી કરી હતી જયારે બીજા દિવસે ચ-૩ સર્કલ અને ઘ માર્ગ પર એક મહિલા અને એક કિશોરીને સાયકલ પર આવેલ શખ્સે જાહેરમાં ધોળા દિવસે છેડતી કરી હતી. જો કે બંને કિસ્સામાં મહિલાઓએ બુમાબુમ કરતા છેડતી કરતા તત્વોએ ઉભી પૂંછડીએ ભાગવાનો વારો આવ્યો હતો. ગાંધીનગર શહેર જેવા શાંત શહેરમાં પણ આ પ્રકારની ઘટના બનતા શહેરની મહિલાઓમાં પણ ભય જોવા મળ્યો છે. ત્યારે પોલીસની કામગીરી સામે પણ અનેક પ્રશ્નો થવા પામ્યા છે. જેથી આ છેડતી મામલે શહેરના નાગરિકોમાં પોલીસની કામગીરીને લઈ રોષ જોવા મળ્યો છે.

# આર.સી. બુકની એસ.એમ.એસ. તેમજ વેબસાઈટ પર માહિતી મળશે

## વાહન વ્યવહાર વિભાગનો આરટીઓ તંત્રની કામગીરીને હાઈટેક કરવાનો પ્રયાસ : અરજદારોની મુશ્કેલી દૂર થશે

અમદાવાદ, તા.૨૩

રાજ્યસહિત શહેરભરના વાહન માલિકો માટે સારા સમાચાર છે. હવેથી આરટીઓ દ્વારા જે તે વાહન માલિકને સ્પીડ પોસ્ટ મારફતે મોકલવામાં આવતી આર.સી. બુકની એસએમએસ દ્વારા જાણકારી મળી શકશે. ઉપરાંત એસએમએસમાં બારકોડ નંબરની માહિતી આપવામાં આવશે જેના થકી અરજદારો બારકોડ નંબર દ્વારા પોસ્ટની વેબસાઈટ પર આર.સી. બુકનું સ્ટેટસ જાણી શકશે. એસએમએસ સુવિધાથી અરજદારો સરળતાથી આર.સી. બુક મેળવી શકશે.

નાગરિકોની સુવિધા વધારવા રાજ્ય વાહન વ્યવહાર વિભાગ દ્વારા આરટીઓ તંત્રની સુવિધા હાઈટેક કરાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આરટીઓ કચેરીમાં ડ્રાઈવીંગ લાઈસન્સની જે આર.સી. બુક પણ સ્પીડ પોસ્ટમાં મોકલવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો પરંતુ અમુક વખત આરસી બુક ન મળવાના કારણે અરજદારોને આરટીઓ અને પોસ્ટ ઓફિસના ધક્કા ખાવા પડતા હતા. જેમાં નાગરીકોના પૈસા અને શ્રમનું વ્યય થતું હતું પરંતુ આ સમસ્યાનું નિરાકરણ લાવવા તંત્રે વાહન માલિકોને બારકોડ આપીને વેબસાઈટ પર પોસ્ટ સર્ચ કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવી છે. આરટીઓ દ્વારા પહેલા નાનકડી આરસી બુક આપવામાં આવતી હતી પરંતુ હવે તેમાં ફેરફાર કરી હાલ આરસી બુકના બદલે સ્માર્ટ કાર્ડ આપવામાં આવે છે. આ સ્માર્ટ કાર્ડ મુખ્યત્વે સમગ્ર વિગતો આવરી લેવામાં આવે છે.

હવે આરટીઓ દ્વારા જે તે વાહન માલિકને આરસી બુક સ્પીડ પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે ત્યારે વાહન માલિકને એસએમએસ દ્વારા તેની જાણકારી આપવામાં આવશે. ઉપરાંત એસએમએસમાં આરસી બુકનું બારકોડ નંબર પણ મોકલવામાં આવશે જેના થકી અરજદારો બારકોડ નંબરના આધારે પોતાની આરસી બુકનું સ્ટેટસ જાણી શકશે.

# ખાદ્યચીજોના ભેળસેળની ચકાસણીનું પરિણામની જાણ કરવા માગણી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ અખબારી યાદીમાં જણાવેલ છે.

ખાદ્યચીજોની ચકાસણીનો કાર્યક્રમ સતત ચાલુ રાખીને તમામ સેકટરોને આવરી લેવા જોઈએ. વાંધા જનક ખાદ્ય ચીજોના નમુના ચકાસણી માટે પ્રયોગશાળામાં મોકલાય છે અને તેની ચકાસણીના પરિણામો પગલાં પણ લેવાય તેવી માગણી છે. દોષિતોના નામો પણ જાહેર કરવા જોઈએ. કેટલાક નમુના જાહેર કરવા જોઈએ. કેટલા નમુના પ્રયોગશાળાને આપ્યા તે પણ પ્રસિદ્ધ કરવાની માગણી કરેલ છે. શ્રી કમિશ્નર મનપાને લેખિતમાં જણાવેલ છે.

# ભાજપ યુવા મોરચા દ્વારા બધા સેલનો વર્કશોપ થશે

અમદાવાદ, તા.૨૩

પ્રદેશ યુવા મોરચાના મહામંત્રીઓ હિતેશભાઈ પટેલ અને હિરેનભાઈ હીરપરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, આજે પ્રદેશ કાર્યાલય ખાનપુર ખાતે ભારતીય જનતા યુવા મોરચાના અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં યુવા મોરચા અંતર્ગત રચાયેલા શિક્ષણ સેલ, રોજગાર સેલ અને રમતગમત સેલની બેઠકો યોજાઈ હતી. જેમાં આગામી કાર્યક્રમો માટેનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ વિવિધ સેલ થકી ભારતીય જનતા યુવા મોરચો દરેક જીલ્લા ઉપર વિવિધ કાર્યક્રમો કરશે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, આગામી ૩૦ નવેમ્બરના રોજ ભારતીય જનતા યુવા મોરચા અંતર્ગત રચાયેલા મીડીયા સેલ આઈટી સેલ અને સોશીયલ મીડાય સેલના વર્કશોપનું આયોજન પ્રદેશ કાર્યાલય ખાતે કરવામાં આવ્યું છે. જેમાં દરેક જીલ્લાના નવ નિયુક્ત નીમાયેલા યુવા મોરચાના સેલના કન્વીનરો અને સહ કન્વીનરો ઉપસ્થિત રહેશે.

# સમાજ માટે જમીન મેળવવા વણકર સમાજનું આજથી ઉપવાસ આંદોલન

## શહેરી વિસ્તારમાં ૫ હજાર ચો.મી. જમીન ફાળવવા પ્રબળ માંગ સરકાર સમક્ષ પાંચ વર્ષથી રજૂઆત : પરિણામ ન મળતા આંદોલનની રાહે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં ભવન બાંધવા માટે ૫ હજાર ચો.મી. જમીન ફાળવાની પ્રબળ માંગ સાથે વણકર સમાજે આજથી ઉપવાસ-આંદોલનની રાહે લડત આપવાનો નિર્ણય લીધો છે. છેલ્લા પાંચ વર્ષથી ભવન બાંધવા જમીન ફાળવવાની માંગણી ન સંતોષાતા સમાજના આગેવાનો આજથી એક માસ માટે ઉપવાસ પર ઉતરશે.

ગાંધીનગર વણકર સમાજના આગેવાન પી.જે. પરમાર, મૂળજીભાઈ પરમાર, મુકેશ તોખરીયા તેમજ શંકરલાલ ચાવડાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરમાં વણકર સમાજના ૨૨૦૦ કુટુંબ છે. વર્ષ ૨૦૦૮માં સંસ્થાની રચના કરવામાં આવી હતી. અત્યાર સુધી ઓછી વસતી ધરાવતા સમાજને પણ શહેરમાં જમીન ફાળવવામાં આવી છે. વણકર સમાજ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી જમીન ફાળવવા સરકાર સમક્ષ માંગણી કરવામાં આવે છે. પરંતુ કોઈ પરીણામ મળતું નથી. વર્ષ ૨૦૦૭ દરમિયાન સરકારે ગુજરાત ઠાકોર સમાજને ૭ હજાર ચો.મી. જમીન ફાળવી હતી. બીજી તરફ સમાજને જમીન ફાળવવાના મામલે નીતિ ઘડવાની બાબત વિચારણા હેઠળ હોવાનો પ્રતિસાદ આપતી સરકાર સામે હવે આંદોલનની રાહે લડત આપવાનો નિર્ણય કરાયો છે. વણકર સમાજના આગેવાનોએ વધુમાં જણાવ્યું હતું કે તા. ૨૪ નવેમ્બરથી ૨૫ ડીસેમ્બર સુધી ઉપવાસ આંદોલન કરવામાં આવશે.

જેમાં સે-૬ સત્યાગ્રહ છાવણીમાં અમદાવાદ, મહેસાણા, કલોલ, દહેગામ અને વિસનગર સહિતના વિવિધ વિસ્તારમાંથી સમાજના સભ્યો ઉપવાસમાં જોડાશે. રવિવારે પ્રથમ દિવસે ગાંધીનગર શહેરના ૨ હજાર સભ્યો આંદોલનમાં જોડાશે. ઉપવાસ આંદોલન બિનરાજકીય અને સમાજના હક્ક માટે હોવાનું જણાવી આ મામલે કોઈ પરિણામ નહીં આવે તો ત્યારબાદ ઉગ્ર કાર્યક્રમો આપવામાં આવશે. સમાજના હક્ક માટેની લડાઈમાં જયાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી લડત ચાલુ રહેશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

# સે. ૩માં ગટરો ઉભરાતી બંધ કરવા મેઈન હોલ બનાવવાનું કામ શરૂ

## છેલ્લા દોઢ મહીનાથી ગટરો ઉભરાતા નાગરિકો ત્રસ્ત

ગાંધીનગર, તા.૨૩

સે-૩માં ગટરો ઉભરાવવાની સમસ્યાથી સ્થાનિક નાગરિકો ત્રાહીમામ પોકારી ગયા છે. ગટરલાઈનના મેઈનહોલ તૂટી જતા છેલ્લા દોઢ મહીનાથી આ પ્રશ્ન જટીલ બન્યો છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા મેઈનહોલ બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ દરમિયાન આ સમસ્યા ન ઉદભવે તેની પણ કાળજી લેવામાં આવી રહી છે.

શહેરના જૂના સેકટરોની સાથે નવા સેકટરોમાં પણ હવે ગટરો ઉભરાવવાની સમસ્યા ઉદભવી છે. સેકટરોમાં છાશવારે ગટરનું દૂષિત પાણી રહેણાંક વિસ્તારમાં ઉભરાતા અસહ્ય દુર્ગંધ વચ્ચે ગંદકીનું જોર વધી રહ્યું છે. સે-૩માં પણ છેલ્લા દોઢ મહીનાથી ગટરો ઉભરાતા નાગરિકો તોબા પોકારી ગયા છે. સે-૩ના જુદા જુદા વિભાગમાં રોજરોજ ગટરનું દુષિત પાણી ઉભરાતા સેકટરમાં અસહ્ય દુર્ગંધ વચ્ચે ગંદકી ખદબદી રહી છે. લાંબા સમયથી ગટરોનો પ્રશ્ન પેચીદો બનતા આ મામલે અગાઉ જાગૃત નાગરિકો દ્વારા તંત્ર સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હતી. આ મામલે તંત્ર કક્ષાએથી સર્વે હાથ ધરી સેકટરમાં તુટી ગયેલા ગટરના મેઈન હોલને રીપેર કરવાનું કામ શરુ કરી દેવાયું છે. હાલ મુખ્ય મેઈનહોલ બનાવવાનું કામ ચાલુ છે. સેકટરમાં ગટરની સમસ્યાને ડામવા ૧૦ જેટલા મેઈનહોલનું તબક્કાવાર કામ હાથ ધરવામાં આવનાર છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત ૧૨ લાખનો ખર્ચ થશે. આ દરમિયાન ગટરો ન ઉભરાય તે માટે પમ્પીંગ કરી ખાસ કાળજી લેવામાં આવી રહી છે.

# રખિયાલની બે પ્રાથમિક શાળાને તસ્કરોએ નિશાન બનાવ્યું

## અંદાજે રૂ. ૮૦ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા

ગાંધીનગર, તા. ૨૩

દહેગામ તાલુકાના રખિયાલ સ્થિત દિવાળી વેકેશનનો લાભ લઈ બે અલગ-અલગ પ્રાથમિક શાળાઓને તસ્કરોએ નિશાન બનાવી હતી અને શાળાના તાળા તોડી તેમાંથી અંદાજે રૂ. ૮૦ હજારની કિંમતની એલ.સી.ડી. ટી.વી. અને મોનીટરની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જે મામલે રખિયાલ પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રખિયાલ ગામે આવેલ મુખ્ય બજારમાં સ્થિત પ્રાથમિક શાળા તેમજ નજીકના જૂના બબલપુરા ગામે આવેલ બબલપુરા પ્રાથમિક શાળા દિવાળી વેકેશન હોવાથી બંધ હતી જેનો લાભ લઈ કેટલાક તસ્કરોએ આ બન્ને પ્રાથમિક શાળઆને નિશાન બનાવી હતી અને શાળાના દરવાજાના તાળા તોડી શાળામાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ રખિયાલ બજારમાં સ્થિત પ્રાથમિક શાળામાંથી એલ.સી.ડી. ટી.વી. અને બબલપુરા શાળામાંથી મોનીટર મળી આશરે કુલ ૮૦ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. દરમિયાન ગતરોજ ૨૧ દિવસનું દિવાળી વેકેશન બાદ શાળાઓ ખુલતા શાળાના શિક્ષકોને આ ચોરીની જાણ થતા બન્ને પ્રાથમિક શાળાના કર્મચારીની ફરિયાદ લઈ આ ચોરી અંગે રખિયાલ પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

# મેનાબા ટ્રસ્ટ દ્વારા નારી કેન્દ્રનું લોકાર્પણ, પ્રતિષ્ઠા મહોત્સવ, બેટી વધાવો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

મેનાબા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મંથન અપંગ કન્યા સેવા સંકુલ દ્વારા મંથન નારી કેન્દ્રનું લોકાર્પણ, મંથન શિવાલયમાં પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ બેટી વધાવો કાર્યક્રમ તા. ૨૭-૨૮-૨૯ નવેમ્બરના રોજ મુ. હાજીપુર કલોલ ખાતે યોજવામાં આવશે.

લોકાર્પણ કાર્યક્રમમાં ચૂંદડીવાળા માતાજી અંબાજી, શ્રી માં અનંતાનંદતીર્થજી-વહેલાલ, ગણેશદાસજી ઉમરેઠ જેવા સંતો પ્રસંગમાં ઉપસ્થિત રહીને પ્રસંગને દીપાવશે. કાર્યક્રમમાં બળદેવજી ઠાકોર ધારાસભ્ય કલોલ, સી.કે. બ્રહ્મભટ્ટ, મામલતદાર કલોલ, એમ.કે. પટેલ ટી.ડી.ઓ. કલોલ, પ્રદીપસિંહ રાઠોડ પ્રાંત અધિકારી, તેમજ કે.એસ. સવાણી, ડી.વાય.એસ.પી. કલોલ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં વકતાશ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી) શ્રી હનુમંત આરાધના કરાવશે અને ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત ધર્મપ્રેમી જનતાને કથા કરી રસપાન કરાવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મેનાબા ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે.

# એબસ્કવોન્ડર સ્કવોર્ડ નાસતા ફરતા ત્રણ આરોપીઓ ઝડપી પાડ્યા

## થોડા સમય અગાઉ પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપતા પતિ સહિત અન્ય બે શખ્સ વિરૂદ્ધ કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ગુનાહીત પ્રવૃત્તિઓ કરી નાસતા ફરતા ગુનેગારોને ઝડપી પાડવા રચવામાં આવેલ એબસ્કવોન્ડર સ્કવોર્ડની રચના કરવામાં આવી હતી જે સ્કાવોર્ડ આજે ખાનગી માહિતીના આધારે પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપવાના ગુનામાં નાસતા ફરતા ૩ આરોપીઓને ધંધૂકા તાલુકાના સાલાસર ગામેથી ઝડપી પાડ્યા હતા અને કલોલ તાલુકા પોલીસને સોંપી દીધા હતા.

ગાંધીનગર રેન્જના નાસતા ફરતા તથા પેરોલ ફર્લો રજા ઉપરથી ફરાર આરોપીઓને પકડી પાડવા માટે ગાંધીનગર જિલ્લામાં થોડા સમય પહેલા પી.એસ.આઈ.ની આગેવાનીમાં એક સ્પે. એબસ્કવોન્ડર સ્કાવોર્ડની રચના કરવામાં આવી હતી. વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપીઓની માહિતી મેળવી આ ટીમ કામ કરી રહી છે. દરમિયાન આ સ્કવોર્ડની ટીમના પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈને બાતમી મળી હતી કે કલો તાલુકાના થોડા સમય પહેલા મહિલાને તેના પતિ અને અન્ય બે શખ્સો શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ કલોલ તાલુકા પોલીસમથકે નોંધાઈ હતી. જેમાં નાસતા ફરતા ત્રણેય આરોપીઓ ધંધૂકા તાલુકાના સાલાસર ગામે છૂપાયેલા છે. આથી પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈ તેમની ટીમના સભ્યો અશોકભાઈ, કિરીટ, મહિપાલસિંહએ બાતમી સ્થળે જઈ વોચ ગોઠવી હતી. જેમાં નાશતા ફરતા આરોપી કિશોર શ્યામજીભાઈ ખાવડીયા (દેવીપૂજક), અશોકભાઈ ચતુરભાઈ ખાવડીયા અને સુંદરભાઈ ચતુરભાઈ ખાવડીયા તમામ (રહે. સાલાસર ગામ, તા. ધંધઊકા જિ. અમદાવાદને તેમના ગામમાંથી જ ઝડપી પાડ્યા હતા અને બાદમાં ગાંધીનગર લાવી કલોલ તાલુકા પોલીસમથકમાં શોંપી દીધા હતા. આ મામલે કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯

સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૬૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રામલીલા : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગોરી તેરે પ્યાર મે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

સીંઘ સાબ ધ ગ્રેટ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ક્રીશ-૩ : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

ગોરી તેરે પ્યાર મે : ૯.૦૦

રામલીલા : ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

ગોરી તેરા પ્યાર મેં : ૯.૦૦, ૧૨.૧૫, ૬.૪૫

: સ્ક્રીન-૨ :

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ગોરી તેરે પ્યાર મે : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ગોરી તેરે પ્યાર મે : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :

રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

ગોરી તેરે પ્રયાર મેં : ૧.૩૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ અને 'નવો વિચાર- નવી આશા' વિષય પર કાજલ ઓઝા વૈદ્યનું પ્રવચન સવારે ૯.૧૫ કલાકે.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

### આંબેડકર હોલ

- ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે.
- ગાંધીનગર વિશ્વકર્મા પંચાલ સમાજ સેવા સમાજ દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૨.૦૦ કલાકે.
- વિ- ઈલેવન પરિવાર ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ સાંજે ૫.૦૦ કલાકે.

### સામાજિક

- અરવિંદ સંસ્કાર કેન્દ્ર સેકટર-૨૩ ગાંધીનગર દ્વારા અરવિંદ શતાબ્દિ વર્ષની ઉજવણી નિમિત્તે સવારે ૯.૩૦ કલાકે ધ્યાન અને પ્રાર્થના કાર્યક્રમ. અને સાંજે ૪.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.
- ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિર ખાતે પ્રજાપતિ સમાજ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ સવારે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**વૃષભ** : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. વ્યાપાર - વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. ધુળાજી જેણાજી ડાભી (ઉ.વ. ૯૦) મુ.પો. માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. રમણલાલ વરવાજી મોચી (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૫૧૧/૨, સકેટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. વાલીબેન લલુભાઈ દેસાઈ (ઉ.વ.૬૨) મુ.પો. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. વિજયભાઈ વાઘજીભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૪૯) મુ.પો. શિહોલી મોટી, તા., જિ. ગાંધીનગર.